# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

તાઃ ૦૪.૦૬.૨૦૨૫

અખબારી યાદી

* બોટાદની મધુસુદન ડેરી ઉપર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો મુકતી જીલ્લાની સહકારી મંડળીઓના સંચાલકો.

* બોટાદ દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મધુસુદન ડેરીના નિયામક મંડળને સત્તા ઉપરથી બરતરફ કરવા જીલ્લાની ૨૦ કરતા વધુ દુધ ઉત્પાદક સહકારી મંડળીઓએ દેશના અને રાજ્યના સહકાર મંત્રી પાસે માંગ કરી.

બોટાદની મધુસુદન ડેરીના ચેરમેન અને મેનેજીગ ડિરેક્ટર સહિત નિયામક મંડળના સભ્યો ઉપર કરોડો રુપિયાના ગંભીર આરોપો મુક્યા જેવા કે,

1. મધુસુદન ડેરીના વાઇસ ચેરમેન તેમની પત્ની અને પુત્રવધુ એમ એકજ પરિવારના ત્રણ સભ્યો મંડળી ચલાવે છે જે સહકારી પ્રવૃત્તીના પેટા કાયદા અને નિયમ વિરુદ્ધ છે.

2. બીજા એક ડિરેક્ટર પોતે ત્રણ દુધ ઉત્પાદક મંડળી ચલાવે છે અને તે દુધનો વેપાર પણ કરે છે. સંઘના પેટા કાયદા મુજબ ડિરેક્ટર આ વ્યવસાય કરી શકે નહી.

3. ગુજરાતના તમામ દુધ સંઘો કિલો ફેટમાં દુધ ખરીદે છે જ્યારે મધુસુદન ડેરી લિટર ફેટમાં દુધ ખરીદે છે જેને કારણે ૩% જેટલી દુધની વધ આવે છે અને મધુસુદન ડેરી હજાર લિટરે ૩૦ કિલો તગડો નફ્ફો કરે છે. આમ મધુસુદન ડેરી રોજનું ૧,૨૫,૦૦૦ કિગ્રા જેટલુ દુધની આવક સામે પ્રતિ લિટરે ૫૦ રુપિયા ભાવ ગણીએ તો ૧,૮૭,૫૦૦ રુપિયા જેટલી ખોટ દુધ મંડળીને રોજની જાય છે, આવું રાજ્યના કોઇ પણ સંઘમાં નથી.

4. મધુસુદને ડેરી વર્ષે ૩ કરોડ લિટરથી વધારે દુધ ફેડરેશનને મોકલે છે. ત્યાથી પ્રતિ લિટર અંદાજીત ૨ રુપિયા જેટલો ભાવ ફેર મળે છે, જેની કિંમત વર્ષે ૫૦ થી ૬૦ કરોડ રુપિયા થાય છે. આ ભાવ ફેર દુધ ઉત્પાદક મંડળીઓને ચુકવવાનો હોય છે પરંતુ એક પણ રુપિયો આ પેટે મધુસુદન ડેરીએ ચુકવેલ નથી.

5. મધુસુદન ડેરી દુધના ખરીદ ભાવ પાડોશી ડેરીઓ કરતા ૫૦ થી ૭૦ રુપિયા કિલો ફેટે ઓછા ચુકવે છે. દરરોજ ૬,૨૫૦ કિલો ફેટ દુધ ગણીએ તો રોજના ૩,૭૫,૦૦૦ રુપિયા અને વર્ષે ૧૩,૬૮,૭૫,૦૦૦ રુપિયા થાય અને દશ વર્ષે આ આંકડો ૧૩૬ કરોડ રુપિયા કરતા વધુ થાય છે. આ રકમ ઉપર માત્ર દુધ ઉત્પાદક સહકારી મંડળીઓનો અધિકાર છે. પરંતુ આ કરોડો રુપિયા તેને ન ચુકવીને મધુસુદન ડેરી સભાસદોનું આર્થિક શોષણ કર્યું છે.

6. મધુસુદન ડેરીમાં દુધમંડળીઓને સભાસદ બનાવવામાં આવતી નથી.

7. મધુસુદન ડેરીમાં કર્મચારીની ભરતીમાં, ખરીદીમાં, રુટ પરિવહનમાં, સિક્યુરીટીના કોન્ટ્રાક્ટ આપવામાં, પાણીના ટેન્કરનો કોન્ટ્રાક્ટ આપવામાં, બિલ્ડીંગ બાંધકામમાં અને ફેટ ઘટ કે વજન ઘટમાં ખુબ મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતા હોવાનો આક્ષેપ કરેલ છે.

૪. મધુસુદન ડેરીના નિયામક મંડળના મોટાભાગના ડિરેક્ટરો એક કરતા વધુ દુધ ઉત્પાદક મંડળીઓ ધરાવે છે. દુધનો વેપાર કરે છે અને દુધની અલગ-અલગ બ્રાન્ડમાં પેકિંગ કરીને વેચાણ કરે છે. આમ આ તમામ ડિરેક્ટરોને મધુસુદન ડેરીના વિકાસમાં, દુધ ઉત્પાદક મંડળીઓને સશક્ત બનાવવામાં કે દુધ ઉત્પાદકોને પુરતા પોષણક્ષમ ભાવ મળે તેમા કોઇ રસ નથી. માત્ર સહકારી ક્ષેત્રના ઓઠા નીચે અને સરકારના આશિર્વાદથી પોતાનો દુધનો ધંધો કરવામાં રસ છે.

આ તમામ ગંભીર આક્ષેપો બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક મંડળીઓના સંચાલકોનો છે કે બોટાદની મધુસુદન ડેરીના નિયામક મંડળની આપખુદશાહી, સગાવાદ, શામ-દામ-દંડ અને ભેદની વહિવટી માનસિકતાને કારણે બોટાદ જીલ્લાના પશુપાલકો અને દુધ ઉત્પાદકોને પુરતા પોષણક્ષમ ભાવ મળતા નથી અને તેઓ દુધની આર્થિક નુકશાની ભોગવી રહ્યા છે.

આ અંગે બોટાદ દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મધુસુદન ડેરીની સભાસદ મંડળીઓ પૈકી ૨૦ થી વધુ મંડળીઓએ દેશના અને રાજ્યના સહકાર મંત્રીને, રાજ્યના મુખ્યમંત્રીને, સહકાર સચિવને, સહકારી મંડળીના રજીસ્ટારને, મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને મધુસુદન ડેરીના ભ્રષ્ટ વહિવટ અને આપખુદશાહીના વલણ સામે રજુઆત કરી છે.

આમ બોટાદ દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મધુસુદન ડેરીમાં કથિત ભ્રષ્ટાચારની જે રજુઆત અને માંગ બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક સહકારી મંડળીઓએ કરી છે તે અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી મનહર પટેલ જણાવે છે કે રાજ્યની અંદર ભાજપા સરકારમાં સહકારી ભ્રષ્ટાચાર એ સરકારી ભ્રષ્ટાચાર બની ગયો છે. રાજ્ય સરકારને સહકારી ભ્રષ્ટાચાર ડામવામાં કોઇ રસ નથી. ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના સભાસદ એક પણ જીલ્લા દુધ સંઘ ભ્રષ્ટાચારથી આજે મુક્ત નથી. રાજ્યના મોટાભાગના જીલ્લા દુધ સંઘોમાં કરોડો રુપિયાના ભ્રષ્ટાચાર આચરવામાં આવેલા છે અને રાજ્યના સહકારી મંત્રાલયે તેની ગંભીર નોંધ પણ લીધેલ છે છતા આ તમામ જીલ્લા દુધ સંઘના ભ્રષ્ટાચારીઓને કોઇ સજા મળેલ નથી. આનુ મુખ્ય કારણ ભાજપા સરકારે સહકારી પ્રવૃત્તિઓમાં રાજનિતીનો રવૈયો અપનાવેલ છે. સહકારી ક્ષેત્રની ઘણી ચુંટણીઓમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી તેનું પ્રતિક આપી ચુટણી લડાવી છે,અને તેના કારણે મોટાભાગની સહકારી સંસ્થાના સંચલકો ભાજપાના આગેવાનો છે એટલે આજે સહકારી ભ્રષ્ટાચાર એ સરકારી ભ્રષ્ટાચાર બની ચુક્યો છે. તેમા ભાવનગરની સર્વોત્તમ ડેરી હોય કે બોટાદની મધુસુદન ડેરી બાકાત નથી.

આમ મધુસુદન ડેરીના કથિત ભ્રષ્ટાચાર અને વહિવટી આપખુદશાહી સામે બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક સહકારી મંડ્ળીઓની રજુઆતને અગ્રિમતા આપી તેના ઉપર ઉચિત તપાસ કરવાના આદેશ કરવામાં આવે અને જવાબદારો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી રાજ્ય સરકાર પાસે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

સામેલઃ બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક સહકારી મંડ્ળીઓની રજુઆત.

મનહર પટેલ
મનહર પટેલ
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ